નવી બાબત ૨૦૧૯-૨૦
આદર્શ નિવાસી શાળા(કુમાર), રાજકોટના
મકાનના મરામત બાબત
રૂ.૪૯,૮૯,૬૦૦/-

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૯/ન.બા.૭૫/ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭/03/૨૦૨૦

**વંચાણમાં લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૯/૧૯નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૪/૦૨/૨૦નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧/૧/૨૦૧૯-૨૦/૧૪૩૦

**આ મુ ખ :**

અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકના સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોર્ડનાઇઝેશન યોજનામાં સરકારી મકાનો જેવા કે, કુમાર/કન્યા સરકારી છાત્રાલયો, કુમાર/કન્યા આદર્શ નિવાસી શાળાઓ, સરકારી મકાનોના રીપેરીંગ / રીનોવેશન વિગેરેની કામગીરી માર્ગ અને મકાન વિભાગ મારફતે કરવામાં આવે છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના તા.૦૯/૦૯/૧૯ના ઠરાવથી સરકારી કુમાર/ કન્યા છાત્રાલયો તથા આદર્શ નિવાસી શાળાઓ કુમાર/ કન્યાના મકાન રીપેરીંગ માટેની કુલ રૂા.૫૦૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના નિયામકશ્રી(અ.જા.ક.)ના પત્રથી સરકારી આદર્શ નિવાસી શાળા(કુમાર), રાજકોટના મકાનના મરામત બાબત દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ:**

પુખ્ત વિચારણાને અંતે આદર્શ નિવાસી શાળા(કુમાર), રાજકોટના મકાનના મરામત માટે કુલ રૂ.૪૯,૮૯,૬૦૦/- (અંકે રૂપિયા ઓગણપચાસ લાખ નેવ્યાસી હજાર છસો પુરા)નો ખર્ચ કરવાની વિભાગના તા.૦૯/૦૯/૧૯ના સરખા ક્રમાંકના ઠરાવની શરતોને આધીન કામગીરી હાથ ધરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૦૪ SCW-32 સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોડર્નાઇઝેશન હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૪/૦૩/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૦